31st

**પ્રવાસીઓ નશો કરીને અથવા કેફી દ્રવ્યો સાથે ગુજરાતમાં ન પ્રવેશે એ માટે બ્રેથ એનાલાઈઝર વડે ચેકિંગ**

# ડાંગની સરહદો પર પોલીસ એક્શન મોડમાં

**મહારાષ્ટ્ર** સરહદે આવેલી તમામ ચેકપોસ્ટ પર સઘન સર્ચ ઓપરેશન

**૩૧મી** ડિસેમ્બરની ઉજવણી માટે સાપુતારા સહેલાણીઓથી ઉભરાઈ રહ્યું છે

**મહારાષ્ટ્રથી** ગુજરાતમાં પ્રવેશતાં વાહનોનું બારીકાઈથી નિરીક્ષણ



ગીરીશ ભોયે

### નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી

જિલ્લામાં પ્રવેશતા તમામ શંકાસ્પદ લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના પણ આપી દેવામાં આવી છે. સાપુતારામાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા માટે પણ વધારાનો પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. લોકો ઉત્સાહપૂર્વક ઉજવણી કરે પરંતુ ટ્રાફિકના નિયમોનું પાલન કરે અને નશાબંધીના કાયદાનો ભંગ ન કરે તેવી અપીલ કરવામાં આવી રહી છે.

સાપુતારા : થર્ટી ફર્સ્ટ એટલે કે ૩૧મી ડિસેમ્બરની ઉજવણી માટે ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા સહેલાણીઓથી ઉભરાઈ રહ્યું છે. વર્ષના અંતિમ દિવસોમાં પ્રવાસીઓની ભારે ભીડને જોતા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ડાંગ પોલીસ અત્યારે ફૂલ એક્શન મોડમાં જોવા મળી રહી છે. ડાંગ જિલ્લા પોલીસ વડા (SP) પૂજા યાદવના સીધા માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્ર સરહદને જોડતા તમામ રસ્તાઓ પર લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સાપુતારા પોલીસ મથકના પી.આઈ. પી.ડી. ગોંડલિયા, વઘઈ પોલીસ મથકનાં પી.આઈ. વી.કે ગઢવી, આહવા પોલીસ મથકનાં પી.આઈ.આર. એસ.પટેલ, સુબિર પોલીસ મથકનાં પી.આઈ. ડી.કે.ચૌધરી અને તેમની ટીમ દ્વારા ગત રાતથી જ વિવિધ ચેકપોસ્ટ પર સર્ચ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. ખાસ કરીને મહારાષ્ટ્રથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા મુખ્યત્વે સાપુતારા ચેકપોસ્ટ, માંળુગા ચેકપોસ્ટ, બરડા ચેકપોસ્ટ, બરમ્યાવડ ચેકપોસ્ટ, ચીંચલી ચેકપોસ્ટ, સિંગાણા ચેકપોસ્ટ, ઝાકરાઈબારી ચેકપોસ્ટ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

આ તમામ ચેકપોસ્ટ મહારાષ્ટ્ર રાજ્યની સરહદને જોડતી હોવાથી, ત્યાંથી આવતા પ્રવાસીઓ નશો કરીને અથવા કેફી દ્રવ્યો સાથે ગુજરાતમાં પ્રવેશ ન કરે તે માટે બ્રેથ એનાલાઈઝર અને ડોગ સ્ક્વોડની મદદ પણ લેવામાં આવી રહી છે. દરેક નાના-મોટા વાહનોની ડિક્કી અને સામાનની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉજવણીના નામે કોઈ પણ પ્રકારની અરાજકતા ન ફેલાય અને પર્યટકો સુરક્ષિત રીતે ડાંગની પ્રકૃતિનો આનંદ માણી શકે તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે.

## સુરત ગ્રામ્ય પોલીસની સઘન તપાસ



ઈલ્યાસ શેખ

પલસાણા: આગામી ૩૧મી ડિસેમ્બર અને નવા વર્ષના પર્વને ધ્યાને રાખી સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા જિલ્લાભરમાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ ગત ૨૬ ડિસેમ્બરથી જિલ્લાના તમામ મહત્ત્વના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત ભીડભાડવાળી જગ્યાઓ પર ફૂટ પેટ્રોલિંગ અને અસામાજિક તત્ત્વો પર નજર રાખવા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર કામગીરીમાં સુરત ગ્રામ્ય પોલીસનો મોટો કાફલો મેદાને ઉતર્યો છે, જેમાં ૧ પોલીસ અધિક્ષક, ૫ નાયબ પોલીસ અધિક્ષક, ૨૧ પોલીસ ઇન્સ્પેક્ટર, ૩૫ પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને ૩૫૮ પોલીસ કર્મચારીઓ મળી કુલ ૪૨૦ અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. અત્યાર સુધી કરવામાં આવેલી તપાસ દરમિયાન પોલીસે પ્રોહિબિશનના ૧૯૯ કેસ, ડ્રંક એન્ડ ડ્રાઈવના ૧૧૪ કેસ અને હથિયારબંધીના જાહેરનામા ભંગના ૧૫ કેસ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આગામી દિવસોમાં પણ પોલીસ દ્વારા આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. ખાસ કરીને શંકાસ્પદ અને અવાવરૂ જગ્યાઓ પર તપાસ વધારવામાં આવી છે તેમજ ડ્રોન સર્વેલન્સ દ્વારા ગેરકાયદે પ્રવૃત્તિઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

## બનાવટી ચલણી નોટના ગુનાના આરોપીના બે દિવસનાં રિમાન્ડ

**નીચલી** કોર્ટે રિમાન્ડ નામંજૂર કરતાં પોલીસ રિમાન્ડ મેળવવા એડિશનલ સેસન્સ કોર્ટમાં પહોંચી હતી

વલસાડ : ભીલાડ પોલીસે બેંક મેનેજરની ફરિયાદના પગલે બેંકમાં 43 જેટલી બનાવટી ચલણી નોટ જમા કરાવનાર વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટની કોર્ટે આરોપીના રિમાન્ડ નામંજૂર કરતા પોલીસ રિમાન્ડ મેળવવા એડિશનલ સેસન્સ કોર્ટમાં પહોંચી હતી. જ્યાં તેમને એક આરોપીના બે દિવસના રિમાન્ડ મળ્યા છે. આ કેસની વિગત એ મુજબ છે કે ભીલાડ HDFC બેંકમાં આરોપી છગન દુલા વાઘમાસીએ તેમના HDFC બેંક ભીલાડ શાખામાં તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ રૂપિયા એક લાખ પચાસ હજાર ડિપોઝિટ કરાવેલી. જેમાં 500ના દરની 43 નોટ બનાવટી હોવાનું માલુમ પડતા બેંક મેનેજર દ્વારા તે અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા આરોપી છગન વાઘમાશીની ધરપકડ કરી હતી. આ બનાવટી નોટો કોની પાસે અને ક્યાંથી મેળવેલી તે અંગે પૂછપરછ કરતા આ બનાવટી ચલણી નોટો ઇજાજ રમઝાન શેખે આપેલી હોવાનું જણાવતા ભીલાડ પોલીસ દ્વારા બંને આરોપીની તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ ધરપકડ કરી ઉમરગામના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ.કે. ડાભી સમક્ષ રજૂ કરી દિન 10 ની પોલીસ રીમાન્ડની માગણી કરતા ઉમરગામ કોર્ટે રિમાન્ડ અરજી નામંજૂર કરી દીધી હતી. તે હુકમ વિરૂદ્ધ આ ગુનાના તપાસ કરનાર અમલદાર પીઆઇ એસ.એસ. પવારે પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠી મારફતે વાપીના બીજા એડિશનલ સેશન્સ જજ એચ.એન. વકીલની કોર્ટમાં રિમાન્ડ રિવિઝન દાખલ કરી હતી. જે રિમાન્ડ રિવિઝન અરજીના કેસમાં કોર્ટ દ્વારા પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીની દલીલોને ગ્રાહ્ય રાખી રિમાન્ડ રિવિઝન અરજી અંશતઃ મંજૂર કરી આરોપી ઇજાજ રમજાન શેખને બે દિવસ પોલીસ કસ્ટડી રિમાન્ડ ઉપર સોંપવાનો હુકમ કર્યો જ્યારે આરોપી છગન વાઘમાશીની રિમાન્ડ અંગેની માંગણી નામંજૂર કરી હતી.

## નાની ખેરવાણ નજીક થાર કારની ટક્કરે મજૂર ઘાયલ

સોનગઢઃ ઉકાઈ તાલુકાના નાની ખેરવાણ ગામે કેનાલ પાસે માર્ગ અકસ્માતની ગંભીર ઘટના સામે આવી છે. મોટી ખેરવાણ ગામના રહેવાસી અને શેરડી કાપવાની મજૂરી કરતા જાલુભાઈ રડતીયાભાઈ કોટવાળીયા (ઉં.વ.૫૫)ને મહિન્દ્રા કંપનીની થાર કારે ટક્કર મારતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ગત તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ સાંજે આશરે ચાર વાગ્યાના સુમારે જાલુભાઈ કોટવાળીયા તેમની સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-05-GR-7646) લઈને નાની ખેરવાણથી મોટી ખેરવાણ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન મોટી ખેરવાણ તરફ જતા રોડ પર મહિન્દ્રા થાર કાર નં.(GJ-26-AE-6111)ના ચાલકે પૂરઝડપે વાહન ચલાવી બાઈકને ટક્કર મારી હતી.

અકસ્માત બાદ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત જાલુભાઈને 108 એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ સોનગઢ બાદ વધુ સારવાર માટે સુરતની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમને બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું છે. આ બનાવ અંગે શરૂઆતમાં ફરીયાદ નોંધાઈ નહોતી, પરંતુ હાલ ઈજાગ્રસ્તની સ્થિતિ ગંભીર બનતાં તેમની પત્ની છગનીબેન જાલુભાઈ કોટવાળીયાએ થાર કારના ચાલક નિલમ ઉર્ફે ભાવેશ બલ્લુભાઈ ગામીત (રહે., મેઢા, તા.સોનગઢ) વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## નશો કરનારા ચેતે: તાપી પોલીસ સતર્ક, 9 સ્થળે ચેકિંગ

**અત્યાર** સુધી કુલ 112 જેટલા કેસ દાખલ કરવામાં આવ્યા

### દમણમાં નવા વર્ષના વધામણા હેતુ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

દમણ : સંઘપ્રદેશ દમણમાં નવા વર્ષના વધામણા હેતુ નામોપથ, રામસેતુ, લાઇટ હાઉસ, નાઇટ સ્ટ્રીટ અને ફોર્ટ વિસ્તારમાં ફટાકડા ફોડવા પર પ્રશાસને પ્રતિબંધ લગાવ્યો છે. દમણના એસડીએમ આરતી અગ્રવાલે એક આદેશ જારી કરી જણાવાયું છે કે, 31 ડિસેમ્બર, 2025ની રાતથી 1 જાન્યુઆરી 2026ની રાત (31 ડિસેમ્બર, 2025 ના રોજ સાંજે 6 વાગ્યાથી 1 જાન્યુઆરી, 2026ના રોજ સવારે 6 વાગ્યા સુધી) નમો પથ, રામ સેતુ, લાઇટ હાઉસ વિસ્તાર, નાઇટ સ્ટ્રીટ માર્કેટ, ફોર્ટ વિસ્તાર અને તેની 500 મીટરની ત્રિજ્યામાં કોઈપણ પ્રકારના ફટાકડા અથવા વિસ્ફોટક ફોડવા, વેચવા, સંગ્રહ કરવા તથા ઉપયોગ કરવા પર સખત પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ઉપરોક્ત આદેશનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિને ભારતીય દંડ સંહિતા 2023ની કલમ 223 હેઠળ સજા થશે સાથે રૂપિયા 5,000નો દંડ પણ ફટકારાશે.

વ્યારાઃ રાજ્યની બોર્ડર પરથી ખાસ કરીને 31 ફર્સ્ટની ઉજવણી માટે ગુજરાતમાં દારૂની હેરાફેરી થતી હોય છે અને દારૂના રસિયાઓની અવરજવર પણ વધતી હોય છે ત્યારે પોલીસ પણ દારૂના રસિયાઓને તેમજ દારૂની હેરાફેરી રોકવા 31 અગાઉ ખાસ સતર્ક રહેતી હોય છે. જે અનુસંધાને તાપી જિલ્લામાં ખાસ કરીને મહારાષ્ટ્ર બોર્ડર વિસ્તારમાં દારૂની હેરાફેરીની ગતિવિધિને રોકવા પોલીસે જિલ્લાના મહારાષ્ટ્ર બોર્ડર પાસે અલગ અલગ નવ સ્થળોએ ખાસ કરીને મહારાષ્ટ્ર તરફથી આવતાં વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે હેતુથી તાપી જિલ્લાના નવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ ચેક પોસ્ટ ઊભી કરવામાં આવી છે જ્યાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. અલગ અલગ ચેક પોસ્ટની વાત કરીએ તો કુકરમુંડા તાલુકામાં પેશાવર, મટાવલ, ડોડવા ફાટા નિઝર તાલુકામાં વાંકા ચોકડી અને કેસરપાડા અને સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લક્કડકોટ, વીરથવા અને ઉચ્છલ તાલુકામાં બેડકી નાકા ચેકપોસ્ટ સક્રિય કરવામાં આવી છે. તેમજ વાલોડ તાલુકાના બાજીપુરા ખાતે આંતરજિલ્લા ચેક પોસ્ટ ઊભી કરવામાં આવી છે. તમામ છેક પોસ્ટ પર SRPની ટૂકડીઓ મૂકવામાં આવી છે. તેમજ જિલ્લામાં હોમગાર્ડ સહિત GRD ને પણ એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત સ્થાનિક લોકલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુદાં જુદાં સંવેદનશીલ સ્થળોએ વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ સમગ્ર ડ્રાઇવ દરમિયાન જિલ્લામાં અત્યાર સુધીમાં પોલીસ દ્વારા કુલ 112 જેટલા કેસ દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

## ઉકાઈમાં ઓનલાઈન નોકરીની લાલચ આપીને યુવક સાથે છેતરપિંડી

**વોટ્સએપ** લિંક મારફતે 34,000 સેરવી લીધા

સોનગઢઃ મૂળ અરવલ્લી જિલ્લાના મેઘરાજના વતની અને હાલ ઉકાઈ જી.ઈ.બી. કોલોનીમાં રહેતા 29 વર્ષીય જિગ્નેશકુમાર નટુભાઈ ગેલાત સાથે આ છેતરપિંડી આચરવામાં આવી છે. ગત તા. 06/12/2025ના રોજ સવારે જિગ્નેશકુમારના મોબાઈલ પર એક અજાણ્યા આંતરરાષ્ટ્રીય વોટ્સએપ નંબર (+261 34 33 660 63) પરથી મેસેજ આવ્યો હતો. જેમાં ઓનલાઈન જોબ અંગે માહિતી આપીને એક વેબ લિંક મોકલવામાં આવી હતી.

અજાણ્યાએ જણાવ્યું હતું કે, આ કામમાં માત્ર ઓનલાઈન ઓર્ડર પિક કરવાના છે અને તેના બદલામાં ખૂબ જ સરળતાથી મોટી રકમ કમાઈ શકાશે. આરોપીની વાતોમાં આવી જઈને જિગ્નેશકુમારે કામ શરૂ કર્યું હતું. શરૂઆતમાં વિશ્વાસ જીત્યા બાદ આરોપીએ અલગ-અલગ ટાસ્કના નામે ટુકડે-ટુકડે રોકાણ કરાવ્યું હતું. આમ, ફરિયાદી પાસે કુલ 34,000 ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. જ્યારે જીગ્નેશકુમારે પોતાની રકમ પરત માંગી ત્યારે આરોપીએ કોઈ સંતોષકારક જવાબ આપ્યો નહોતો અને રકમ પરત કરી ન હતી. છેતરાયા હોવાનો અહેસાસ થતાં તેમણે તાત્કાલિક ઉકાઈ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે જિગ્નેશકુમારની ફરિયાદના આધારે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## વીસડાલીયા પાસે વાહનની ટક્કરે નવસારીના યુવાનનું મોત

**અકસ્માત** સર્જી અજાણ્યો ચાલક ફરાર



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના વીસડાલીયા ગામની સીમમાં વરેહ નદીના પુલ પાસે પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા કારચાલકે બાઈકને ટક્કર મારતાં નવસારીના 40 વર્ષીય યુવાનનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું. માંડવી પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારીની રાજુનગર સોસાયટીમાં રહેતા અને મની એક્સચેન્જમાં નોકરી કરતા જ્યોતિષભાઈ ચતુરભાઈ ગામીત (ઉં.વ.40) રવિવારે પોતાના વતન રાજવાડી (નેત્રંગ)થી પરત નવસારી જવા નીકળ્યા હતા. સાંજે પાંચેક વાગ્યાના અરસામાં તેઓ પોતાની હોન્ડા શાઈન બાઈક નં.(GJ-21-DC-8088) લઈને વિસડાલીયા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. એ સમયે સામેથી આવતાં કારચાલકે ટક્કર મારતાં જ્યોતિષભાઈને માથા અને મોંના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક માંડવી સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી અજાણ્યો ચાલક પોતાનું વાહન લઈને ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો. મૃતકના મામા સુરેશભાઈ ગામીતે માંડવી પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

## માણેકપોર નજીક બાઇક સવાર પિતા-પુત્રને કારે અડફેટે લીધા, પિતાનું મોત

**દાણાચણા** વેચવાનું કામ કરતા પ્રકાશભાઈ ભોઈ બારડોલી જવા નીકળ્યા હતા

બારડોલીઃ બારડોલીના માણેકપોર ગામ નજીક નેશનલ હાઈવે નં.53 પર દાણા ચણા વેચવા નીકળેલા પિતા-પુત્રની મોટરસાઈકલને એક કારે ટક્કર મારતાં પિતાનું સવાર દરમિયાન વ્યારાની જનરલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. જ્યારે પુત્રને ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

વ્યારા ખાતે આવેલા ગોલવાડમાં રહેતા પ્રકાશભાઈ પંડિતભાઈ ભોઈ (ઉં.વ.42) બારડોલી ખાતે દાણાચણા વેચવાનું કામ કરે છે. સોમવારે વહેલી સવારે પ્રકાશભાઈ તેમના પિતા પંડિતભાઈ ગુલામભાઈ ભોઈ સાથે મોટરસાઈકલ નં.જીજે 26 એલ 8520 પર દાણા ચણા વેચવા માટે બારડોલી જવા નીકળ્યા હતા. ત્યારે સવારે 7 વાગ્યાની આસપાસ ને.હા. નં.53 પરથી પસાર થતી વખતે માણેકપોર ગામની સીમમાં એક ફોર વ્હીલ નં.(જીજે 27 બીઈ 0660)ના ચાલકે તેમની મોટરસાઈકલને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પ્રકાશભાઈ અને તેમના પિતા નીચે પટકાયા હતા. બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં વ્યારાની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પંડિતભાઈ ગુલામભાઈ ભોઈનું સારવાર દરમિયાન મંગળવારે મળસકે મોત થયું હતું. આ અંગે મૃતકના પુત્ર પ્રકાશભાઈએ બારડોલી ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



### આસારમા ગામે સાંસદ પ્રભુભાઈ વસાવાએ લોકપ્રશ્નો સાંભળ્યા

વાંકલ: માંગરોળ તાલુકાના આસારમા ગામની સાંસદ પ્રભુભાઈ વસાવાએ મુલાકાત લીધી હતી. કોસંબા-ઉમરપાડા નેરોગેજ લાઈનનું કામ જોરમાં ચાલી રહ્યું છે, જેમાં ખેડૂતોની જમીન સંપાદન પ્રક્રિયા યોગ્ય વળતર અને ઊંચા પહોળા અંડરપાસ બનાવવાની રજૂઆતો થઈ હતી. સાંસદ પ્રભુભાઈ વસાવાએ યોગ્ય નિરાકરણની ખાતરી આપી હતી. આ પ્રસંગે દીપકભાઈ વસાવા, અંબુભાઈ, સરકારી અધિકારીઓ તેમજ ખેડૂત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## ઓલપાડ ટાઉન-કીમને પાલિકા બનાવવા માંગ

**પ્રાદેશિક** કમિશનરે સરકારમાં મહત્ત્વની ભલામણ કરી

### કીમ અને ઓલપાડનું વસતી ધોરણ

કીમ ગામની વસતી ૨૦૧૧ની જનગણના મુંબજ અંદાજે ૧૮,૬૦૦ જેટલી અને હાલની અંદાજીત વસતી ૧ લાખ જેટલી છે. જ્યારે ઓલપાડ ગામની વસતી ૨૦૧૧ની જન ગણના મુજબ ૧૬,૦૦૦ જેટલી હાલની વસતી અંદાજે ૧ લાખથી વધુ છે. તમામ ગ્રામ પંચાયતો GIDC, ઉદ્યોગો, રહેણાક, સોસાયટીઓ, ફ્લેટ, સંકુલ તથા બહારથી સ્થળાંતર વસતીના કારણે ઝડપી વધારો થવા બાબત રજૂઆત કરવામાં આવી હતી.

કીમઃ સુરત જિલ્લાના ઓલપાડ વિધાનસભા વિસ્તારના મહત્ત્વનાં ગામો કીમ, અને ઓલપાડ ને હવે ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા તેજ બની છે. ધારાસભ્ય અને પૂર્વ મંત્રી મુકેશ પટેલ દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ, સાઉથ ઝોન દ્વારા રાજ્ય સરકારને આ અંગે હકારાત્મક ભલામણ પત્ર મોકલવામાં આવ્યો છે.

કમિશનર કચેરી દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક અભ્યાસ મુજબ છેલ્લાં કેટલાંક વર્ષોમાં કીમ અને ઓલપાડમાં ઝડપી શહેરીકરણ થયું છે. આ વિસ્તારોમાં ઉદ્યોગોનો વિકાસ, જીઆઈડીસી (GIDC) અને રહેણાક સોસાયટીઓમાં થયેલો નોંધપાત્ર વધારો આ વિસ્તારોને સંપૂર્ણપણે શહેરી સ્વરૂપ આપી રહ્યો છે. વધતી જતી વસતીને કારણે હાલના પંચાયતના માળખા હેઠળ પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, રોડ-રસ્તા અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં મુશ્કેલીઓ પડી રહી છે. પ્રાદેશિક કમિશનર દ્વારા ગાંધીનગર ખાતે કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનને પત્ર લખી આ બાબતે જરૂરી સરવે અને કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવા વિનંતી કરવામાં આવી છે. વહીવટી તંત્રની આ ભલામણથી સ્થાનિક રહીશોમાં આશા જાગી છે કે હવે તેમને આયોજનબદ્ધ શહેરી વિકાસ અને સુવ્યવસ્થિત નાગરિક સુવિધાઓ પ્રાપ્ત થશે.